ગાંધીનગર સમાચાર



# વિશ્વ આત્મહત્યા નિવારણ દિને જ આપઘાતના બે બનાવો

## સે-૨૫માં રહેતા ડે. કલેકટરના ૧૯ વર્ષીય પુત્રનો ગળે ફાંસો : પેથાપુર નવા પેટ્રોલ પંપ નજીક બિનવારસી યુવાનનો ઝેરી દવા પીને આપઘાત

ગાંધીનગર, તા.૧૧

વિશ્વ આત્મહત્યા નિવારણ દિનની ગઈ કાલે ઉજવણી કરવામાં આવી અને તે અંતર્ગત જનજાગૃતિ રેલી પણ કાઢવામાં આવી પરંતુ આ જ દિવસે ગાંધીનગર શહેર આસપાસ આત્મહત્યાના બે બનાવો બનવા પામ્યા છે. ગાંધીનગર શહેરના સે-૨૫ ખાતે રહેતા ડે. કલેકટરના ૨૯ વર્ષના પુત્રએ ગઈ સાંજે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. તો બીજી તરફ શહેર નજીક આવેલા પેથાપુર-મહુડી હાઈવે પર સ્થિત નવા પેટ્રોલપંપ પાસે એક યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો હતો. નગ્ન હાલતમાં મળેલા મૃતદેહ એ હત્યાની શંકા ઉપજાવી હતી. જો કે પ્રાથમિક તપાસમાં આપઘાત હોવાનું ખુલ્યુ છે. બંને આપઘાત અંગે પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ સાંજે શહેરના સે-૨૫ ખાતે સ્થિત સુર્યનારાયણ સોસાયટીમાં પ્લોટ નં. ૧૬૯/૧ ખાતે રહેતા અને ડેપ્યુટી કલેકટર તરીકે ફરજ બજાવતા કૃષ્ણસિંહ ચાવડાના ૧૯ વર્ષીય પુત્ર જયરાજસિંહ ગઈ સાંજે પોતાના ઘરે જ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાને કયાં કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી. યુવાનની માતા ભારતીબેન મૃત હાલતમાં દિકરાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. સે-૨૧ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી પીએસઆઈ ટી.બી. પંડયાએ વધુ તપાસ શરુ કરી છે તો બીજી તરફ ગઈ સાંજે પેથાપુર-મહુડી હાઈવે પર સ્થિત નવા પેટ્રોલ પંપ પાસેથી આશરે ૩૦ વર્ષીય યુવાનનો બિનવારસી હાલતમાં નગ્ન મૃતદેહ મળી આવ્યો હતો. નાકમાંથી લોહી વહેતુ જોઈ અને નગ્ન લાશ જોઈ હત્યાની શંકા પ્રબળ બની હતી. પેથાપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ કરતા મ્હોમાંથી ઝેરી દવાની દુર્ગંધ આવતા આપઘાત હોવાની શકયતા આધારે ડેડ બોડી પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. મૃતકની ઓળખ હજુ થઈ શકી નથી. પેથાપુર પોલીસે ઓળખ માટે તજવીજ શરુ કરી છે. તેના હાથે છુંદણાથી ઓમ અને અંગ્રેજીમાં એસ.એમ.એચ. દોરેલાનું નિશાન છે. પોલીસે તેની ઓળખ માટે પ્રયત્નો શરુ કર્યા છે.





### @ગાંધીનગર

**ગણેશોત્સવ - આઠમો દિવસ**

- શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સેકટર-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે નાટકનો કાર્યક્રમ યોજાશે.
- સે-૨-સી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા સવારના ૮ કલાકે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાશે.
- બામસેફ અને રાષ્ટ્રીય મુળ નિવાસી સંઘ દ્વારા સવારના ૧૦ થી સાંજના ૫.૩૦ કલાક દરમિયાન સે-૧૨, આંબેડકર હોલ ખાતે ગુજરાત રાજય અધિવેશનનો કાર્યક્રમ યોજાશે. જેમાં મુંબઈના ઈન્કમટેક્ષ કમિશનર સુબરચનરાય ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહેશે.

## સે-૫ ઓમકારેશ્વર મંદિર ખાતે મહિલા કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૧૧

જયોતિ મહિલા મંડળ ગાંધીનગર અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સંયુકત ઉપક્રમે શ્રી ઓમકારેશ્વર મંદિર સે-૫ ખાતે તાજેતરમાં એક ખાસ કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભજન મંડળની મહિલાઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં પેરા લિગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈએ મેઈનટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરન્ટસ એન્ડ સીનીયર સીટીઝન્સ એકટ ૨૦૦૭ અંગે વિસ્તારપૂર્વક અગત્યની જાણકારી આપી હતી. મહિલાઓએ ભકિત સાથે કાયદાના સદઉપયોગની જરૂરી જાણકારીનો બેવડો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં મહિલા અગ્રણી નિરુબેન નાયક, મ્યુનિ. કોર્પોરેટર હર્ષાબેન ધાંધલ, જયોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી ઉપસ્થિત રહ્યા હતાં.



શહેરમાં એક તરફ ગણેશોત્સવ અને અંબાજી પદયાત્રા છે તો બીજી તરફ રામદેવપીરને નેજા ચઢાવવા માટેની ભાદરવા સુદ નોમની તિથી પણ હતી. આ પ્રસંગે શહેરના પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલે સે-૭માં રામદેવપીરના નેજાની પૂજન વિધી કરી હતી.

### વાતવાતમાં

- ગાંધીનગરમાં મોટા ભાગના ગણેશ ઉત્સવોની રવિવારે વિસર્જન યાત્રા યોજાઈ હતી. આ વિસર્જન યાત્રામાં 'સેલ્ફી વીથ ગણેશા'નું ભારે આકર્ષણ જોવા મળ્યું હતું.
- ગાંધીનગરમાં ગણેશ વિસર્જનના સ્થળોએ પોલીસ તથા ફાયર બ્રિગેડ આખો દિવસ સ્ટેન્ડ ટુ રહી હતી. વિસર્જનમાં ધસારાના પગલે કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેની તકેદારીના પગલારૂપે બંને શાખાના જવાનો ખડે પગે હાજર રહ્યા હતા.
- સે-૭માંનવા સરકારી આવાસોનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે તેની સમાંતર માર્ગ પર સ્ટ્રીટ લાઈટના થાંભલા ભયજનક રીતે નમી જવા પામ્યા છે. નમી પડેલા વીજપોલને કારણે અહીંથી પસાર થતા રાહદારીઓ તથા વાહનચાલકોના માથે જોખમ ખડું થયું છે.
- શહેરના અનેક માર્ગો પર અચાનક ભાજપ સરકારની પ્રસંશા કરતા સંખ્યાબંધ બેનર્સ સ્ટ્રીટલાઈટના થાંભલે ઝુલવા લાગ્યા છે. આ બેનર્સમાં વડાપ્રધાન તથા મુખ્યમંત્રી સહિત શહેરના સ્થાનિક ભાજપી અગ્રણીઓના ફોટા સાથે સરકારની સિધ્ધિઓ આવરી લેવાઈ છે જેમાં ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક, વાઈફાઈ સીટી વગેરેનો પણ ઉલ્લેખ કરાયો છે.







**સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'ગ્રાન્ડ પેરેન્ટસ ડે'**

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ગ્રાન્ટ પેરેસન્ડસ ડે ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં ભૂલકાઓએ નૃત્ય, નાટક, ગીત સંગીત, વકતવ્ય સહિતના અનેક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રદર્શિત કરી ઉપસ્થિત પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બાળકોના આ અદભૂત પરફોર્મન્સ માટે શાળાના આચાર્ય અર્પણા શેઠે ભારે જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં બાળકોના પરફોર્મન્સથી અભિભૂત શાળાના ટ્રસ્ટીગણે ભૂલકાંઓની ખૂબ પ્રસંશા કરી હતી.

# રિક્ષા ડ્રાઈવરને ઉલ્લુ બનાવીને મુસાફર રિક્ષા ચોરી ગયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ખાતે વધુ એક વિચિત્ર ચોરીનો કિસ્સો બન્યો હોવાનું ધ્યાને આવ્યું છે. અમદાવાદના વેજલપુર ખાતેથી રિક્ષા ભાડે કરી મુસાફરના સ્વાંગમાં બેસેલો એક ગઠીયો રિક્ષા ડ્રાઈવરને ગાંધીનગર લાવીને ઉલ્લુ બનાવીને આખે આખી રિક્ષા સાથે રફફુચક્કર થઈ ગયો હોવાની ઘટના બનવા પામી છે. ખ-૩ સર્કલ પાસે ત્રણ ત્રણ કલાક રાહ જોયા બાદ પણ રિક્ષા પાછી ન આવતા તે ફરિયાદ કરવા સે-૭ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. ડ્રાઈવરની ફરિયાદ લઈ આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદ વેજલપુર વિસ્તારમાં રહેતા નારણભાઈ બાબુભાઈ દેસાઈ રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈ કાલે નારણભાઈને એક મુસાફર મળ્યો અને વેજલપુરથી ગાંધીનગર આવવા રિક્ષા ભાડે કરી હતી. આશરે ૩૦થી ૩૫ વર્ષના આ યુવાન મુસાફરે રસ્તામાં આવતા આવતા જ ડ્રાઈવરનો વિશ્વાસ જીતી લીધો હતો. ગાંધીનગર શહેરમાં આવ્યા બાદ ખ-૩ સર્કલ પાસે પહોંચ્યા ત્યાં મુસાફરે રિક્ષા ઉભી રખાવી અને નારણભાઈને કહ્યું કે તમે પાંચ મીનીટ અહીં ઉભા રહો અને હું મારુ કામ પતાવીને આવુ છું. તમારી રિક્ષા આપો. વિશ્વાસમાં આવી ગયેલા નારણભાઈએ રિક્ષા આપી દીધી અને બાંકડા પર બેસીને તે પરત આવે તેની રાહ જોવા માંડયા હતા. ત્રણ કલાક થઈ ગયા પણ તે શખ્સ રિક્ષા લઈને ગયો તે ગયો પણ પરત ન આવ્યો. ડ્રાઈવરને ઉલ્લુ બનાવીને ગઠીયો રૂ. ૮૦હજારની કિંમતની રિક્ષા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આજે આ મામલે ડ્રાઈવરે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પીએસઆઈ એસ.ડી.ચૌધરીએ અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે. આ જ પ્રકારે અગાઉ પણ એક વાર રિક્ષાની ચોરી થઈ હોવાનું પોલીસ ચોપડે નોંધાયેલું છે. પોલીસે સીસીટીવી કેમેરા આધારે તપાસ શરુ કરી છે.

## વાવોલમાં બાળકોની 'નો-પ્લાસ્ટિક' ઝુંબેશ



ગાંધીનગર, તા.૧૧

સ્વચ્છતા અને પર્યાવરણને સીધો સંબંધ છે. ગંદકીની અસર હંમેશા પર્યાવરણ અને વ્યકિતના સ્વાસ્થ્ય પર થાય છે. વળી, પ્લાસ્ટીકનો વધુ પડતો ઉપયોગ તો પર્યાવરણ માટે ભયજનક હોવાની સાથે ગ્લોબલ વોર્મિંગમાં પણ વધારો કરે છે. આવનારા સમયમાં વાતાવરણને લગતી સમસ્યાઓ જે અત્યારે જ ગંભીર સ્વરૂપ ધારણ કરી ચુકી છે તે ભયાનક બનવાની છે. આ સમસ્યાઓ અંગે સમાજ, રાષ્ટ્ર તથા સમગ્ર વિશ્વ જેટલા જલદી ગંભીર બને તેટલું હિતાવહ રહેશે. ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલની પ્રાથમિક શાળાના બાળકોએ વધતા જતા પ્લાસ્ટિકના ઉપયોગ અંગે ગ્રામવાસીઓને જાગૃત કરવા 'નો પ્લાસ્ટિક' ઝુંબેશ ઉપાડી હતી. આ ઝુંબેશ દરમિયાન તેમણે શાળા, ગ્રામ પંચાયત તથા ગામમાં અનેક જાહેર જગ્યાએ વિવિધ સુત્રો લખેલા પોસ્ટર ચોંટાડયા હતા તથા દરેક વેપારીને મળી પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અનુરોધ કરતા પેમ્ફલેટસ વહેંચ્યા હતા.

# ગણેશોત્સવ હોય કે પદયાત્રા, શ્રધ્ધાની થાળીમાં બેદરકારીની મેખ

## પદયાત્રીઓ અને સેવા કેન્દ્રોની અવિરત સેવા આસ્થાની સાચી સમજ : ધાર્મિકતાની આડમાં અસભ્યતા અને બેદરકારી અટકાવવાની તાતી જરૂર



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૧૧

અષાઢી બીજની રથયાત્રા સાથે જ તહેવારોની મૌસમનો પણ પ્રારંભ થઈ જાય છે. રથયાત્રા બાદ તુરંત જ વ્રતો, શ્રાવણ માસનો પ્રારંભ, રક્ષાબંધન, નાગ પંચમી, શીતળા સાતમ, જન્માષ્ટમી, ગણેશ ઉત્સવ, અંબાજી પદયાત્રા, શ્રાધ્ધ પક્ષ, નવરાત્રિ, શરદપૂનમ અને દિવાળી તથા નૂતન વર્ષ એમ એક લાંબી વણથંભી વણજારની માફક તહેવારો આવ્યા જ કરે છે. આ તહેવારોની મૌસમમાં ભકિત અને શ્રધ્ધાના અનેક સ્વરૂપે નજરે ચઢે છે તો સાથે સાથે ઉત્સવ ઘેલી પ્રજાની બેદરકારી પણ ઉડીને આંખે વળગે છે. જો કે શ્રધ્ધાના મામલે ભકતોનું પલ્લુ હજુ પણ એટલું ભારે જણાય છે કે કેટલીક અસ્વીકાર્ય બાબતોને અવગણી સેવા આસ્થાને હ્રદયથી સલામ કરવાનું મન થાય.

સમગ્ર વિશ્વમાં સૌથી મોટો પદયાત્રી મેળો એટલે ભાદરવી પૂનમે ભરાતો અંબાજીનો મેળો. અંબાજીના મેળાની સમાંતર હવે ગુજરાતમાં ખુબ જ તેજ ગતિથી લોકપ્રિયતાના શિખરો સર કરતો ગણેશોત્સવ પણ ઉજવાય છે. અંબાજીના પદયાત્રીઓ ભેંકાર રાત્રિ, આકરો તડકો, તાપ-ટાઢ, વરસાદ, વિકટ માર્ગો, ચોમાસાની ઋતુના કારણે સરીસૃપો તથા ઝેરી જીવજંતુઓનો ખતરો, ચોરી ચકારી, વિષમ આબોહવાને કારણે સ્વાસ્થ્યનું જોખમ વગેરે ખેડીને પણ એક માત્ર 'જય અંબે'ના નારા સાથે મા જગદંબાની ભકિતમાંથી 'શકિત' મેળવતા ચાલ્યા જાય છે. આ સાથે જે શ્રધ્ધાળુઓ પોતે પદયાત્રા કરી અંબાજી જઈ શકતા નથી તેઓ આ પદયાત્રીઓ થકી મા અંબાના ચરણોમાં જાણે પોતાના વંદન મોકલી રહ્યા હોય તેમ અહોભાવથી સેવા કરે છે. સેવા પણ કેવી, કોઈ નાણાંની કોથળી ખુલ્લી મુકી દે તો કોઈ પોતાના નોકરી વ્યવસાયને ભૂલી દિવસ રાત સેવા કેન્દ્રો પર ખડે પગે સેવા આપે તો કોઈક પદયાત્રીઓની મેડીકલ જરૂરિયાતો પુરી પાડે. પદયાત્રીઓ માટેના સેવા કેન્દ્રો પર સવારના ચા-કોફી-ગરમા ગરમ નાસ્તા, ઠંડુ પાણી, તાજું ભોજન, મિઠાઈ, ઠંડા પીણા, આઈસ્ક્રીમ ઉપરાંત ન્હાવા ધોવા આરામ કરવા, રાત્રે સુવા માટેની ગાદલા રજાઈ પંખા સાથેની વ્યવસ્થા હોય, કયાંક જરૂરી દવા દારૂની સગવડ તો કયાંક સેવાભાવીઓ પદયાત્રીઓની માલિશ કરી આપે. ચરણ ચંપી કરી આપે, અરે જેને પોતાના મહોલ્લામાં પણ કોઈ ભાવ ના પૂછતું હોય તેવી વ્યકિત પદયાત્રી બનીને નીકળ્યો હોય ત્યારે અજાણ્યા સેવાભાવી ધનકુબેરની પત્નિ સેવા કેન્દ્ર પર તેને માનભેર આગ્રહ કરી કરીને જમાડતી હોય તે દ્રશ્ય ભાવવિભોર કરી દેનારું હોય છે.

પદયાત્રીને પણ જાણે માત્ર મા અંબાના નામ માત્રથી શકિત મળતી હોય તેમ તમામ મુશ્કેલીઓ અવગણી, પોતાના ઘરબાર નોકરી ધંધા વ્યવસાય પરિવાર ભૂલીને બસ અંબાજીની વાટે ચાલ્યા કરતા હોય છે. જે પદયાત્રીઓ વિવિધ સંઘ દ્વારા પદયાત્રામાં જોડાય છે તેમના માટે તો આયોજનબધ્ધ વ્યવસ્થા પણ કરવામાં આવી હોય પરંતુ સંઘ વગર બસ માત્ર શ્રધ્ધાના જોરે નીકળી પડતા પદયાત્રીઓ માટે તો સેવા કેન્દ્રો ખરેખર માના આશિર્વાદ સમાન જ સાબિત થાય છે. પગે ગોટલા બાજી જાય, સોજા ચઢી જાય, ખભે છોકરું બેસાડયું હોય કે પીઠે વજનદાર થેલો લટકાવ્યો હોય પણ બસ અંબાજી પહોંચવું અને દર્શન કરવા આ એક જ વાત બધી તકલીફો ભુલાવી દેતી હોય છે.

શ્રધ્ધા-આસ્થાના આ ઘોડાપુર વચ્ચે થોડી ઘણી અસભ્યતા અને બેદરકારીની બુમો પણ ઉઠતી હોય છે. કેટલાકને મન પદયાત્રા એ મોજમજાનું બહાનું હોય છે અને દારૂ-તમાકુ સહિતના વ્યસનો બેરોકટોક માણવાની જાણે છુટ મળી હોય તેમ વર્તતા હોય છે. વળી, સેવા કેન્દ્રોની સવલતો જાણે તેમનો હકક હોય તેમ ભોગવતા બેફામ બગાડ અને કચરો ગમે ત્યાં ફેંકી અસહ્ય ગંદકીના થર પેદા કરતા હોય છે. જે માર્ગો પરથી પદયાત્રીઓ વધુ સંખ્યામાં પસાર થાય તે માર્ગોની હાલત નર્કાગાર જેવી બની જતી જોવા મળે છે. આ માટે માત્ર અને માત્ર બેદરકારી અને અસભ્યતા જ જવાબદાર હોય છે માત્ર પદયાત્રીઓ જ નહી પરંતુ સેવા કેન્દ્રો પર પણ સેવા સાથે અમુક તત્વોના ઈમોશનલ અત્યાચાર સમા 'ઘોંઘાટ' માર્ગો માત્ર તેમની સેવા માટે જ બનાવ્યા હોય તેવી રીતે બિન અધિકૃત દબાણો કરી 'હાઈજેક' કરી લેવા, સામાન્ય વાહન ચાલકોને 'દંડા'ના જોરે દબડાવવા, બળજબરી દાન-ભેટ-ફાળા ઉઘરાવવા અને ગંદકી-અસ્વચ્છતા અંગે આંખ મિચામણા ઉપરાંત સેવા કેન્દ્રોની આડમાં દારૂ-જુગાર અન્ય વ્યસનોની મોજ માણવી જેવી પ્રવૃત્તિઓ આચરાતી હોય છે. એક સામાન્ય માનવી જો આ અંગે અવાજ ઉઠાવે તો તેણે જાણે મા જંગદંબાનું અપમાન કરી નાંખ્યુ હોય તે રીતે ડરાવી ધમકાવી તેન ચુપ કરી દેવામાં આવે છે આ કારણે અનેક સભ્ય પરિવાર આ સેવાકીય પ્રવૃત્તિથી દુર ભાગતા ફરે છે. જેથી આવા તત્વોને વધુ મોકળુ મેદાન મળી જાય છે. તંત્ર પણ વોટબેંકની લાલચમાં ધાર્મિક ભાવના પંપાળ્યા કરે છે પરંતુ જયાં સુધી આવી બદીઓ આપણે જાતે દૂર નહી કરીએ ત્યાં સુધી આ ધાર્મિકતા પ્રત્યે અવિશ્વાસ ઉભા થયા કરવાના જ. સેવા અને ધાર્મિકતાના નામે મોટા અવાજે વગાડાતા લાઉડ સ્પીકર્સ અને અસ્વચ્છતા તેમજ ધાર્મિક અસભ્યતા થી ઉભી કરાતી અગવડોના વિરોધમાં અવાજ ઉઠાવવો એ પણ શ્રધ્ધાથી 'જય અંબે' બોલવા જેટલું જ અગત્યનું છે.







પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ફિઝિયોથેરેપી દિવસની ઉજવણી કરાઈ



વિશ્વભરમાં ૮મી સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય ફિઝિયોથેરેપી ડે તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી ખાતે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ નાટક, નૃત્ય, ગીત અને વકતૃત્વ સ્પર્ધા સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કે. વૈદિયનાથન, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. ટીના ચૌહાણ તથા તમામ ફેકલ્ટીઓ સહિત વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## અવસાન નોંધ

નાયબ કલેકટર કે.એન. ચાવડાના સુપુત્ર સ્વ. જયરાજસિંહ ચાવડાનું ગત તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા.૧૨ સપ્ટેમ્બરના રોજ સવારના ૯ થી ૧૨ કલાક દરમિયાન પ્લોટ નં. ૧૬૯/૧, સૂર્યનારાયણ સોસાયટી, સેકટર-૨૫ ખાતે રાખવામાં આવ્યું છે તથા તેમના વતન વડસ્મા જિ.મહેસાણા ખાતે બપોરના ૨ થી ૬ કલાક સુધી રાખેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ચાવડા જયરાજસિંહ કૃષ્ણસિંહ, ઉ.વ. ૧૯
- સ્વ. શાહ વસંતલાલ ભોગીલાલ, ઉ.વ. ૮૦
- સ્વ. રામ મોહન નથ્થુલાલ શર્મા, ઉ.વ. ૫૦